

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

દઈ દીધું રમકડું ચૂંટણીલક્ષી, રમ્યા કરો!
વધારી દીધો બોજ, માથાદીઠ દેવું, ખમ્યા કરો!
ભમ્યા કરો ભૂખ્યા આ મોંઘવારીના વિષચક્રમાં -
મળે, લુખું-સૂકું - બે સ્વાદ, આંખ મીંચી, જમ્યા કરો!

હાઈકુ

પત્રકારોને -
મળ્યું 'માતૃ વાત્સલ્યં!'
માખણ-મિસ્રી...
(હાય ચૂંટણી!)

નાખ્યો કટકો!
પટ-પટાવો પૂંછ -
અલ્પ રાહતો...
(વોય ચૂંટણી...!)

### ચિંતન

**સુખ હરષહિં જડ દુઃખ બિલખાહીં, દોઉ સમધીર ધરહિં મન માહીં,**
**ધીરજ ધરહું બિબેકુ બિચારીં, છાડિઅ સોચ સકલ હિતકારી ॥**

ઉપરોક્ત ચોપાઈ રામાયણમાંથી લેવામાં આવેલ છે. મૂર્ખ પુરુષ સુખમાં હર્ષ પામે છે, દુઃખમાં શોક કરે છે, ધીરજવાન બંનેને બરાબર જાણી મનમાં ધીરજ રાખે છે, માટે જ્ઞાન વડે વિચારી ધીરજ રાખો, શોખ છોડી દો અને સકળના હિતકારી થાઓ.

જ્ઞાનથી સમજશક્તિ અને ખોટાંસાચાંનો વિવેક મળે છે. આવા વિવેકથી માણસ દુઃખમાં દુઃખી હતાશ થતો નથી અને સુખમાં છક્કી જઈ અભિમાની થઈ જતો નથી.

માટે જ્ઞાની-વિવેકી પુરુષે જ્ઞાન દ્વારા પોતાનાં કર્મો-ભૂલો-સંજોગો અને પરિણામોનો વિચાર કરી જીવનમાં તાટસ્થ્ય કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

### સુવિચાર

- સેવાનજીકથી, આદર દૂરથી, જ્ઞાન અંદરથી - **વિનોબા**
- ભણેલું ભૂલતાં જેને આવડતું નથી તે કેમ ભણવું તે જાણતો નથી - **ડો. જહોન વિલિયમ**
- 'તમે અને તમારું' એટલે જ્ઞાન, 'હું અને મારું' એનું નામ અજ્ઞાન - **રામકૃષ્ણ પરમહંસ**
- એક બીકણ સૈનિક આખા લશ્કરમાં બીકનો પ્રસાર કરે છે - **કાંતિ ભટ્ટ**
- માછલીઓને શિક્ષકની જરૂર જ નથી કે જે એને તરતાં શિખવાડે, પક્ષીઓને ઉડવા માટે શિક્ષકના ટ્યુશનની જરૂર નથી, તરો તમારી જેમ જ, ઉડો ખુદ તમારી જેમ જ - **કવિનીજાર રબ્બાની**
- આંધળો જયારે આંદળાને દોરે છે ત્યારે બંને ખાડામાં પડે છે - **બાઈબલ**
- આજનું ઔષધ : ચામડી પર પડેલાં કાળાં ચાઠાં પાઈનેપલનો રસ પીવથથી ચાઠાં દૂર થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

માણસની ઈચ્છાશક્તિ અને અંતિમ ક્ષણની ઈચ્છા જરૂર કાર્યાન્વિત થાય છે. એમાં બળ અને ગૂઢ શક્તિ રહેલી હોય છે.

જર્મનીના આક્રમણકારીઓએ ચેક લોકો પર આક્રમણ કર્યું... જર્મનીની સેના મોટી હતી અને તેમના સાધનો પણ અદ્યતન હોવાથી ચેક સેના નિરાશ થઈ ગઈ.

એ દરમિયાન ચેક જનરલ હૈટમેન લડાઈમાં ખુબ ઘવાયો. એણે મરતા પહેલા એના સાથીઓને કહ્યું, 'મારા મર્યા પછી મારી ચામડી ઉતારી લેજો અને તેને ઢોલ ઉપર મઢી આખી સેનામાં ઢોલ પીટી ઢંઢેરો પીટાવજો કે કોઈ ચેક સૈનિક હિંમત ન હારે, અંતે તો જીત ચેક સેનાની જ થશે.'

હૈટમૈન મૃત્યુ પામ્યો અને એની અંતિમ ઈચ્છા પ્રમાણે કરવામાં આવ્યું. ઢોલનો અવાજ સાંભળી ચેકની સેનામાં ખૂબ જોમ અને જુસ્સો પ્રજ્જવલીત થયો. તેઓ ખૂબ બહાદુરીથી જર્મન સેના સામે લડ્યા અને આખરે જીત ચેકની જ થઈ. જર્મનોને ત્યાંથી ભાગવું પડ્યું. પરાક્રમ શક્તિશાળી જનોની શક્તિ છે.

ચેક સેનાનીજીત - વિજય માટે કારણભૂત નેતૃત્વનું પીઠબળ અને અમૂલ્ય પ્રેરણાબળ જ કામ કરી ગયા.

# જીવ અને શિવનું સંગમપર્વ

તંત્રીસ્થાનેથી...

મહાશિવરાત્રીનું પર્વ ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનું અતિ વિશિષ્ટ મહાપર્વ છે. બ્રહ્મા-વિષ્ણુ અને શંકર પૈકી શંકરને જ 'મહાદેવ' નું સર્વસંમત બિરુદ મળેલ છે. બાકીના બધા જ દેવો બલકે દાનવો સુદ્ધાં મહાદેવની આમન્યા જાળવતા રહ્યા છે - જયારે પણ મુશ્કેલીમાં આવ્યા ત્યારે એમની આરાધના કરતા રહ્યા છે. વળી ભગવાન સદાશિવ ભોળા ભંડારી છે અને સાધારણ ઉપાસનાથી પ્રસન્ન થઈ મોં માગ્યું વરદાન આપી દેવા ટેવાયેલા છે, પછી ભળેને પોતે આપેલા વરદાનનો ખુદ પોતાની સામે જ દુરુપયોગ થવાનો હોય! અનેક અસુરોએ ભોળા ભંડારીને ઉગ્ર તપ કરી ઉપાસ્યા છે, ઈચ્છિત મનોરથ પાર પાડતા વરદાન મેળવ્યા છે અને પછી એનો દેવો સામે જ લડવા માટે ઉપયોગ કર્યો છે. મહાશિવરાત્રી એ આવા આશુતોષ - ઝટ રિઝાઈ જનારા દેવાધિદેવને રીઝવવાનું મહાપર્વ છે. એની સાથે સંકળાયેલી કથામાં પેલો વ્યાધ કંઈ શિવજીની પૂજા કરવા નહોતો આવ્યો. એ તો રાત્રી સમયે બીલીના ઝાડ પર છુપાઈને નિર્દોષ હરણાંનો શિકાર કરવાના આશયથી આવ્યો હતો. અનાસૂરતે એનાથી બીલીના પાન તોડી વૃક્ષના થડ પાસેના સ્વયંભૂ શિવલિંગ પર ફેંકવાની ક્રિયા થઈ ગઈ તોય દેવાધિદેવ પ્રસન્ન થઈગયા! રાવણે જે કંઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તે શિવની ઉગ્ર ઉપાસના દ્વારા જ મેળવી હતી અને સ્વયં વિષ્ણુના અવતાર ભગવાન રામચંદ્રજીએ લંકાવિજય માટે પ્રસ્થાન કરતાં પૂર્વે રામેશ્વર મહાદેવનું પૂજન કર્યું હતું. આવા દેવાધિદેવને ન તો જન્મ હોય કે ન મૃત્યુ. એ અજન્મા મહાદેવનો જન્મદિવસ તો આપણે આપણી પોતાપોતાની કલ્પના મુજબ જ ઊજવવો પડે. મહાશિવરાત્રી એવું વિશિષ્ટ પર્વ છે. વૈષ્ણવોમાં જન્માષ્ટમીની જેમ શૈવધર્મીઓમાં શિવરાત્રીનો એટલો જ મહિમા છે. વળી વિષ્ણુ અને શિવ એકમેકના વિરોધી કે પ્રતિસ્પર્ધી નહીં બલકે પૂરક છે - એનાં શાસ્ત્રો અને પુરાણોમાં અઢળક પ્રમાણ મળી રહે છે. રામચરિતના પ્રથમ કથાકાર ખુદ શિવ છે, જે સતીને અને પછી પાર્વતીને રામની કથા સંભળાવે છે. મહાશિવરાત્રીના દિવસે ગાંધીનગરના પંચદેવ મંદિર સહિત અનેક શિવમંદિરોમાં માનવ મહેરામણ ઊમટે છે. શિવ એ લોકમાન્ય જનસાધારણના સર્વસુલભ દેવતા છે. એમને ઊંઘાડ્યા કે જગાડતા નથી પડતા. કાયમી સમાધિમાં લીન દેવાદિદેવના હૈયે જીવ માત્રનું કલ્યાણ વસેલું હોય છે. એ વડનગરમાં નાગરોના કુળદેવતા સ્વરુપે સુવર્ણમંડિત હાટકેશ્વર બની બિરાજે છે, તો વળી સ્મશાનના તો એ જ અધિષ્ઠાતા દેવ છે. એ મૃત્યુના દેવ છે એટલે મૃત્યુ પર વિજય મેળવવા માટે મૃત્યુંજય મહાદેવની જ આરાધના કરાય છે. જયારે સમુદ્રમંથન થયું અને એમાંથી હળાહળ ઝેર નીકળ્યું ત્યારે એને પચાવવાનું ગજું કોઈ દેવ કે દાનવનું નહોતું. મહાદેવ સ્વેચ્છાએ તે ઝેર ગટગટાવી ગયા. એને ગળામાં જ રોકી રાખ્યું એથી નીલકંઠ બની ગયા. સર્પોનો શણગાર, ચર્મામ્બર, કૈલાશ અને કાશીથી લઈ સ્મશાનમાં નિવાસ અને છતાં સૃષ્ટિચક્ર આખું એમના ડમરુના તોલે ચાલે! જયારે જયારે કોઈ મોટી સમસ્યા ઊભી થઈ છે ત્યારે બધાને શિવજી જ સાંભર્યા છે. કામદેવ એમને ચલિત કરવા ગયો ત્યારે ત્રીજું નેત્ર ખોલી એને ભસ્મ કરી દીધો પરંતુ રતિના વિલાપથી દ્રવી જઈ એને સૂક્ષ્મ રુપે અમરત્વ બક્ષી દીધું. શિવ અને જીવના મિલનના મહારાત્રી એ આપણું ઉચ્ચતમ અધ્યાત્મપર્વ છે. આ શુભ મહાપર્વની સૌને સુભેચ્છાઓ. ૐ નમઃ શિવાય।

# કોણ ચડે - પુત્રમોહ કે સત્ય ?



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

અસુરરાજ કેશીની રાજકન્યાનું નામ જે હોય તે પરંતુ તેના વાળ સુંદર હતા - એટલે લોકો એને કેશિની કહેતા.

કેશિની વિવાહયોગ્ય થઈ. એ વરની પસંદગી માટે સ્વયં વરણ કરી શકતી. પોતાની સાથે વિવાહ માટે ઉત્સુક હોય. તેવા બે યુવાનોનો એને ખ્યાલ હતો. એમને નિમંત્રણ મોકલ્યા.

(૧) વિરોચન - એ દૈત્યરાજ પ્રહ્‌લાદનો પુત્ર હતો. પ્રહ્‌લાદ વિષ્ણુભક્ત હતા.
(૨) સુધન્વા - એ બ્રહ્મર્ષિ અંગિરાનો પુત્ર હતો. ઋષિ અંગિરા વેદમંત્રોના દૃષ્ટા હતા, કવિ હતા.

વિરોચન રાજકુમારી કેશિની પાસે આવ્યો. કેશિનીએ જણાવ્યું. કાલ સવારે સુધન્વા આવશે. તમારા બેમાંથી જે શ્રેષ્ઠ હશે, તેને હું પસંદ કરીશ. 'વિરોધને સંપત્તિ આપી. પરંતુ તે અને સુન્ધવા એકબીજાના શત્રુ હતા.'

બીજા દિવસે સવારે સુધન્વા આવ્યો. કેશિનીએ એની અતિથિપૂજા કરી. એ ઋષિપુત્ર હતો. પરંતુ વિરોચન કે સુધન્વા કોઈ બેઠા નહીં. પોતાની સમકક્ષ હોય - એની સાથે બેસાય. બંને એકબીજાને ચડિયાતા માને, સુન્ધવાએ વિરોધનને કહ્યું, 'તારું સિંહાસન સુવર્ણનું હશે, પરંતુ હું એનો સ્પર્શ પણ ન કરું,' વિરોચને સુધન્વાને કહ્યું, 'તું તો ઘાસ-ફૂસનાં આસનને જ લાયક છો.'

આ બંનેમાં શ્રેષ્ઠ કોણ છે - નિર્મય કરવાનો હતો. કોઈ વિદ્વાન નિર્ણય આપે, તેમ નક્કી થયું. વિરોધને કહ્યું, 'ધનસંપત્તિ નહિ, પોતાના પ્રાણને દાવ ઉપર મૂકવામાં આવે, વિરોધને સંમતિ આપી. નિર્ણાયકનું કામ કોણ કરે? વિરોધને કહ્યું, - 'દેવો પણ ન ચાલે, તે અમારાથી ઉતરતા છે, તો મનુષ્યની તો વાત જ શી?'

સુધન્વાએ નિર્ણાયક તરીકે પ્રહલાદનું નામ આપ્યું. તે જાણતો હતો કે પ્રહલાદ વિરોચનને પિતા છે. પ્રહલાદની પ્રતિષ્ઠા હતી. સુધન્વા અને વિરોચન પ્રહ્‌લાદ પાસે આવ્યા. પ્રહ્‌લાદે આ બંનેને એકસાથે આવતા જોઈને આશ્ચર્ય પ્રગટ કર્યું. એણે સુધન્વાને અતિથિપૂજાનું કહ્યું, પરંતુ સુધન્વાએ સવિનય ઈન્કાર કર્યો.

પ્રહલાદને ખબર પડી કે આ લોકો શ્રેષ્ઠતાના નિર્ણય માટે પોતાની પાસે આવ્યા છે અને પ્રાણોનો હોડમાં મૂક્યા છે. એણે સુધન્વાને કહ્યું, 'મારાથી આ નિર્ણય કેમ થાય?' વિરોધન મારો એક માત્ર પુત્ર છે. એ પક્ષકાર છે'. સુધન્વાએ આગ્રહ રાખ્યો - 'નિર્ણય તમે જ આપો. બે વિવાદી પક્ષો કોઈ વિદ્વાન પાસે નિર્ણય માટે આવે, ત્યારે નિર્ણય આપવો; એની ફરજ બની જાય છે.' પ્રહ્‌લાદે સંમતિ આપી અને કહ્યું, 'હું ખોટો નિર્ણય આપું તો દોષમાં પડીશ.'

એને ખબર હતી કે આ બેમાં સુધન્વા ચડિયાતો છે, પંરતુ બાજી પ્રાણોની લગાવી છે, એટલે સુધન્વા વિરોધનના પ્રાણ પણ લઈ શકે, તેમ છતાં તેણે પોતાનો નિર્ણય જાહેર કર્યો. 'વિરોચનની માતા કરતાં સુધન્વાની માતા ચડી જાય; મારા કરતાં ઋષિ અંગિરા ચડી જાય અને વિરોચન કરતા સુધન્વા ચડી જાય.'

હવે પ્રહ્‌લાદ ન્યાયાધીશ મટીને એક પિતા થયા. એણે સુધન્વાને નમ્ર વિનંતી કરી. 'તું આના પ્રાણનો માલિક છો. તેથી વિનંતી કરું છું. એને પ્રાણદાન કર.' સુધન્વાએ પ્રહ્‌લાદને પ્રણામ કર્યા. એની પ્રશંસા કરી અને કહ્યું, 'તમારો પુત્ર તમને પાછો સોંપું છું. પરંતુ એણે કેશિની સમક્ષ, મારા ચરણો પખાળવાનાં.' વિરોચને કેશિની સમક્ષ સુધન્વાનું પાદપ્રક્ષાલન કર્યું. કેશિનીના સુધન્વા સાથે વિવાહ થયા.

ધૃતરાષ્ટ્ર પુત્રમોહમાં અંધ હતા, તેથી ધર્માત્મા વિદુરે આ કથા સંભળાવી, આંખો ખોલવાનો પ્રયત્ન કર્યો.

# સમાજસેવા માટે દંતકથા સમાન દાનવીર તરીકે કોણ જાણીતું છે?

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો



ખજાનો
અનિલ પટેલ

(૧) તારી આંખની અફીણી ગીતનું સંગીત નિયોજન કોણે કર્યું હતું?
(અ) અવિનાશ વ્યાસ (બ) અજિત મર્ચન્ટ
(ક) સોનીલ મુનશી (ડ) વિભા દેસાઈ

(૨) 'સંગીતાદિત્ય' ના રચયિતા કોણ છે ?
(અ) આદિત્યરામ વ્યાસ (બ) શંકરાનંદજી નેથા
(ક) કૃષ્ણશંકર શાસ્ત્રી (ડ) સોનીલ મુનશી

(૩) 'ખમીર' સંસ્થા કયા પ્રદેશનું સાંસ્કૃતિક દર્શન કરાવે છે?
(અ) સોરઠ (બ) ભાલ
(ક) કચ્છ (ડ) ડાંગ

(૪) સમાજસેવા માટે દંતકથા સમાન દાનવીર તરીકે કોણ જાણીતું છે?
(અ) ધીરુભાયઈ અંબાણી (બ) સારાભાઈ પરિવાર
(ક) રણછોદભઆઈ રેટીયાવાળા (ડ) આર.ડી. ગાર્ડી

(૫) કસુંબલ ડાયરાને રાજદરબારમાંથી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કયા લોકગાયકે કર્યુ ?
(અ) હેમુ ગઢવી (બ) ભીખુદાન ગઢવી
(ક) દુલાભાગા કાગ (ડ) ઝવેરચંદ મેઘાણી

(૬) ગુજરાતી અખબારોમાં કાર્ટુનિંગ આપનાર ચંદ્ર ત્રિવેદી કયા હુલામણા નામથી જાણીતા છે?
(અ) ચકોર (બ) ચક્રમ
(ક) રામજી (ડ) ઠાકુર

(૭) ભગવાનલાલ ઈન્દ્રજીનું નામ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે?
(અ) ચિત્રકલા (બ) સંગીત
(ક) કાષ્ટકલા (ડ) પુરાતત્ત્વવિદ્યા

(૮) ઉત્તરાર્ધ નૃત્ય મહોત્સવ કયાં યોજાય છે ?
(અ) સિદ્ધપુર (બ) પાટણ
(ક) વડનગર (ડ) મોઢેરા

(૯) ઈ.સ. ૧૯૮૩માં શિકાગો ખાતે ભરાયેલ વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતું ?
(અ) વીરચંદ રાઘવજી ગાંધી (બ) શ્રીમદ્ રાજચંદ્ર
(ક) વિજયસૂરી મહારાજ (ડ) રતનજી શેઠ

(૧૦) રીચર્ડ એડનબરોની 'ગાંધ ' ફિલ્મમાં 'રઘુપતિ રાઘવ' ભજન ગાનાર ગુજરાતી ગાયક કોણ છે?
(અ) પ્રફુલ્લ દવે (બ) આસિત દેસાઈ
(ક) હેમંત ચૌહાણ (ડ) રાસબિહારી દેસાઈ

(૧૧) યહૂડી લોકોનું એક માત્ર સિનેગોગ અમદાવાદમાં કયાં આવેલું છે?
(અ) અસારવા (બ) ખમાસા પાસે
(ક) ભદ્ર કિલ્લા પાસે (ડ) કાલુપુર રેલવે પાસે

(૧૨) હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય કયાં આવેલું છે?
(અ) કોબા (બ) પાલિતાણા
(ક) પાટણ (ડ) મહૂડી

(૧૩) 'ઝંડા ઊંચા રહે હમારા' ગીતના કવિ કોણ છે?
(અ) બંકીમચંદ્ર (બ) રવિન્દ્રનાથ ટાગોર
(ક) શ્યામલાલ ગુપ્ત 'પાર્ષદ' (ડ) વિનોબા ભાવે

(૧૪) સમગ્ર વિશ્વમાં સૌપ્રતમ ડાયનોસોરમાં ઈંડા ગુજરાતના કયા સ્થળેની મળ્યાં હતા?
(અ) ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ (બ) સિરામીક ઉદ્યોગ
(ક) હીરા ઉદ્યોગ (ડ) કાપડ ઉદ્યોગ

(૧૫) રણછોડભાઈ ઉદયરામ લખિત કયું નાટક અગિયાર સો વખત ભજવાયું હતું?
(અ) ભક્ત નરસૈયો (બ) રા'નવગણ
(ક) હરિશ્ચંદ્ર (ડ) રાજા ભર્તુહરિ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૨૪ ફેબ્રુઆરી ૧૮૪૧ : કાર્લ ગ્રેબ :** જર્મન ઓર્ગેનીક કેમિસ્ટ, ટેકસટાઈલ, ઈન્ડસ્ટ્રીઝમાં વપરાતો ઓરેન્જ રેડ ડાઈઝ બનાવનાર
- **૨૪ ફેબ્રુઆરી ૧૮૦૯ : આશ ફીચ :** અમેરીકન એન્ટોમોલોજીસ્ટ અને ફીઝીશિયન
- **૨૫ ફેબ્રુઆરી ૧૮૯૬ : ઈડા નોડાક :** જર્મન કેમિસ્ટ, ૭૫મા ક્રમનું તત્ત્વ 'રહેનીયમ'ના શોધક.
- **૨૫ ફેબ્રુઆરી ૧૮૬૯ : ફોએબસ લીવેન :** રશિયન-અમેરિકન કેમિસ્ટ, 'ન્યુક્લીઈક એસિડ' પર સંશોધન કરનાર પાયાના વૈજ્ઞાનિક
- **૨૬ ફેબ્રુઆરી ૧૮૮૨ : જહોન હેરપી કેલોગ :** અમેરીકન ફીજીશિયન 'ડ્રાય બ્રેકફાસ્ટ સિરીયલ્સ' બનાવનાર
- **૨૬ ફેબ્રુઆરી ૧૮૪૨ : કેમીલી ફલેમારીઓન :** ફ્રેન્ચ એસ્ટ્રોનોમર, 'ડબલ અને મલ્ટીપલ' સ્ટાર પર સંશોધન કરનાર
- **૨૭ ફેબ્રુઆરી ૧૮૯૯ : ચાર્લ્સ બેસ્ટ :** અમેરીકન-કેનેડીયન ફીઝીઓલોજીસ્ટ, હોર્મોન ઈન્સ્યુલીન પર સંશોધન કરનાર
- **૨૭ ફેબ્રુઆરી ૧૮૯૭ : બેમાર્ડ લીયોટ :** ફ્રેન્ચ એસ્ટ્રોનોમર, 'કોરોનોગ્રાફ'ના શોધક
- **૨૮ ફેબ્રુઆરી ૧૯૧૬ : ઓડેલી બોવલ્ડર વિલિયમસન :** બ્રિટીશ સંશોધક, સ્કીન કેર પ્રોડક્ટ બનાવનાર
- **૨૮ ફેબ્રુઆરી ૧૯૧૫ : સર પીટર બી. મેડવાર :** ઈંગ્લીશ ઈમ્યુનોલોજીસ્ટ, ૧૯૬૦માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- **૧ માર્ચ ૧૮૮૦ : સર ઈસાક સોનબર્ગ :** રશિયન - બ્રિટીશ ઈલેક્ટ્રીકલ એન્જીનીયર, પ્રથમ 'હાઈ ડેફીનેશન ટેલિવિઝન સિસ્ટમ વિકસાવનાર
- **૧ માર્ચ ૧૮૯૩ : એલબર્ટ એસ, બિકમોર :** અમેરીકન પ્રકૃતિવિદ, 'નેચરલ હિસ્ટ્રી' પર અભ્યાસ કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : કોંગ્રેસના કયા મહિલા નેતા હાલ લખનૌ કેન્ટ સીટ પર પક્ષપલટો કરી લડી રહ્યા છે?**

**જવાબ : રીતા બહુગુણા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ.સાયન્સ કૉલેજ
(૪) પંકડ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મહેશ. એમ. જાદવ : રાયસણ
(૬) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તમિલનાડુના નવા મુખ્યમંત્રીનું નામ શું છે ચ**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ક (૪) ડ (૫) અ (૬) ક (૭) ડ (૮) ડ (૯) અ
(૧૦) બ (૧૧) બ (૧૨) ક (૧૩) ક (૧૪) બ (૧૫) ક

# બ્લડ બેંકના પરવાના વિષે થોડીક સમજ લઈએ



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

છેલ્લા ત્રણ-ચાર શુક્રવારથી બ્લડ બેંક, બ્લડ અને બ્લડ બેંકના પરવાના વિષે વાત કરી રહ્યા છીએ બ્લડ બેંકના પરવાના માટે આપને બહુ વાત નથી થઈ આજે બ્લડ બેંક ના પરવાના વિષે થોડીક સમજ લઈએ બ્લડ બેંક ખોલવી એટલી સહેલી નથી અને રોજ રોજ બ્લડ બેંક ઉપર સરકાર ના નવા નવા કાયદા નંખાતા થાય છે આમ જોવા જઈએ તો રક્ત દાતા ની લોહી લઈને જરૂર મંદ દર્દી ને આપવું એટલી સીધી જ વાત છે હા એમાં બ્લડ બેન્કે શું કરવાનું હોય છે ? એ તો કોઈપણ ડોકટર પણ કરી શકે કે ડોકટર કહી શકે છે કે લોહી મેં દવાના સ્વરૂમાં દર્દીને આપ્યું છે દર્દીની જાન જોખમમાં હતી તેને બચાવા માટે લોહી મેં દર્દીને આપ્યું છે હા એનાથી દર્દીની જીંદગી તો બચી જાય છે પણ આખી જીંદગી કોઈ ચેપી રોગનો દર્દી પણ બની જાય આગળ જેમ વાત કરી લોહીમાં અમુક અગત્યના એવા ટેસ્ટ રક્તદાતાના કરવા ફરજીયાત હોય છે જેવાકે રક્તદાતાનું હિમોગ્લોબીન ૧૨.૫ ઉપર હોય તો જ બ્લડ બેંક રક્તદાતાનું લોહી લઈ શકે છે રક્તદાતાનું વજન ૪૫ કિલોથી વધારે હોય તો રક્તદાન કરી શકે, તેની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોય તો રક્તદાન કરી શકે છે રક્તદાતાને બ્લડપ્રેસર હોય અને જો કંટ્રોલમાં હોય તો રક્ત દાન થઈ શકે. એટલે કે ઉપરનું બ્લડપ્રેસર ૧૩૦ થી ઓછુ અને નીચેનું બ્લડપ્રેસર ૮૦ થી ઉપર રક્તદાતાના પલ્સ (હૃદયના ધબકારા) ૯૦ થી નીચા હોવા જોઈએ...હા, રકતદાતાને કોઈ માનશીક તણાવના હોવો જોઈએ. સંપૂર્ણ તંદુરસ્ત હોવો જોઈએ. આ તો થઈ ફીઝીકલ એક્ઝામીનેસનની વાતો, તંદુરસ્તીની દ્રષ્ટિ એ જોઈએ તો રક્તદાતાને કોઈ તાવના હોવો જોઈએ મેલેરિયા, ટાયફોડ,ઝાડા ઉલટી કે શરદી ઉધરસ પણ ના હોવા જોઈએ, બહેનો ને ખાસ ધ્યાન રાખવા જેવી વસ્તુ કે માસિક ધર્મમાંના હોવી જોઈએ. પછી બ્લડ બેન્કે કરવાના ટેસ્ટ મેલેરિયા નેગેટીવ હોવા જોઈએ, VDRL નેગેટીવ હોવા જોઈએ AIDS (HIV) નેગેટીવ હોવા જોઈએ HCV નેગેટીવ હોવો જોઈએ HBSAG (HEPETITIS -B ) નેગેટીવ હોવો જોઈએ. આ બધા ટેસ્ટ બ્લડ બેંક માટે ફરજીયાત છે એમાં બજારમાં ઘણા પ્રકારની બ્લડનો ટેસ્ટ કરવા માટેની કીટ મળે છે પરંતુ સૌથી વધારે અસરકારક કીટ જ બ્લડબેંક ઉપયોગ કરતી હોય તેજ બ્લડ બેંકમાંથી બ્લડ લેવું જોઈએ. પણ દર્દીને કેવી રીતે ખબર પડે કે બ્લડ બેંક વાળા સારી અને SENSETIV કીટ વાપરે છે ? તો દર્દી અને દર્દીના સગાને એ હક છે કે બ્લડ બેંકમાં પૂછી સકે છે અને કીટ પણ જોઈ શકે છે અને રક્તદાતાના ટેસ્ટના પરિણામ પણ જોઈ સકે છે અને માંગી શકે છે જેમ કે HIV, HCV, HBSAG,VDRL નારીપોર્ટ કઈ કીટ થી થાય છે સામાન્ય રીતે ફોર્થ જનરેસન વાડી ELISA કીટ જ વાપરવી જોઈએ. એનાથી સારી હવે કેમીલ્યુંમીનેસન કીટ જે બ્લડ બેંક વાપરતી હોય ત્યાંથીજ લોહી લેવું જોઈએ સામાન્ય રીતે બધીજ બ્લડ બેંકો લોહીના ટેસ્ટ કરતીજ હોય છે છતાં પણ કેમીલ્યુંમીનેસન મેથડ વાડી કીટ થી થયેલા ટેસ્ટ સુરક્ષિત હોય છે.

મહેન્દ્રભાઈને અકસ્માત થયો તેમણે લોહી ચઢવામાં આવ્યું એક મહિના પછી ઉલટીઓ થવા માંડી, પેશાબ પીડો આવવા લાગ્યો, ભૂખ ઓછી થઈ ગયી ડોકટર ને પ્રશ્ન પૂછ્યો આવું કેમ થાય છે ડોકટરે કમળાનો ટેસ્ટ કરાવ્યો કમળો એટલે કે HEPETITIS -B, POSITIVE આવ્યો સવાલ એ થાય શું બ્લડ બેન્કે લોહી આપતા પહેલા કમળાનો ટેસ્ટ નતો કર્યો ? તપાસ કરતા ખબર પડી લોહીનો ટેસ્ટ તો થયો હતો પણ કીટ ફોર્થ જનરેસન વાડી ELISA અથવા તો કેમીલ્યુંમીનેસન વાડી ન હતી સામાન્ય રીતે ભાગ્યે જ આવું બન્યું હોય છે પણ સારી બ્લડ બેંક માંથી ટેસ્ટ કરીને લોહી લીધું હોય તો આવું ના બને કારણ એ હતું કે સસ્તા દરે કામ કરતી લોહીની બેંક માંથી આ લોહી લેવામાં આવ્યું હતું

ભીખીબેન ને PREGNENCY વખતે લોહી વહીં ગયું. ડોકટરે અચાનક લોહી ચઢવાનું કહ્યું બ્લડ બેંકમાંથી લોહી લાવીને ભીખીબેનને આપવામાં આવ્યું ત્રણ મહિના પછી ભીખીબેનને તાવ રહેવા લાગ્યો વારે વારે શરદી ઉધરસ થઈ જતા, શરીર પણ ઘટી ગયું ,પહેલા ડોકટરે ટીબીની અસર હશે એમ કરીને ટીબીની દવા ચાલુ કરી લીધી મહિના પછી તકલીફ વધવા લાગી એટલે ડોકટરે HIV (AIDS) નો ટેસ્ટ કરાવ્યો અને hiv નો ટેસ્ટ પોસિટીવ આવ્યો ફરી સવાલ થાય કે શું બ્લડ બેન્કે HIVનો ટેસ્ટ નહિ કરાવ્યો હોય? બ્લડ બેન્કે HIVનો ટેસ્ટ તો કરેલો હતો પણ ફોર્થ જનરેસન વાડી ELISA અથવા તો કેમીલ્યુંમીનેસન વાડી ન હતી ત્યારે પ્રશ્ન એ થાય કે જો બ્લડ બેન્કે ટેસ્ટ કર્યો પણ પૈસા ઓછા દર્દીને ખર્ચવા પડે એ હેતુથી દર્દીનું કેટલું ખરાબ કર્યું સાદી કીટ થી જો hiv રક્તદાતામાં હોય તો આજે ચેપ લાગ્યો હોય તો તો લોહીનો ટેસ્ટ ત્રણ મહિના પછી લોહીમાં POSITIVE બતાવે એટલેકે રક્તદાતાને પણ ખબર નથી બ્લડ બેન્કે ટેસ્ટ પણ કર્યો છે છતાં પણ દર્દીને HIVનું ઈન્ફેક્સન લાગ્યું, એ ત્રણ મહિનાને મેડીકલ ભાષામાં INCUBATION પીરીયડ કહે છે જો એ ફોર્થ જનરેસન વાડી ELISA અથવા તો કેમીલ્યુંમીનેસન વાડી કીટથી HIV ટેસ્ટ થયો હોત તો ત્રણ મહિનાની જગ્યા એ INCUBATION પીરીયડ ૧૨ દિવસ નો થઈ ગયો હોત એનો મતલબ એ થાય કે સારા અને

અનુસંધાન પાના નં. ૭ પર